સત્યમેવ જયતે
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
ગુજરાત સરકાર



## સમગ્ર દેશમાં પ્રથમ વખત

# ૨ લાખ કુટુંબો હવે સૂર્ય ઉર્જાથી મફત વીજળી પોતે વાપરશે અને બચત થયેલી વીજળી સરકારને વેચશે

## હવે ગુજરાતના નાગરિક વીજ વપરાશની સાથે વીજળી વેચી શકશે



**સમગ્ર દેશમાં અગ્રેસર ગુજરાતઃ ચાલુ વર્ષે ૨ લાખ સોલાર રૂફટોપ સાથે આગામી ૩ વર્ષમાં ૮ લાખ સોલાર રૂફટોપ દ્વારા ૧૮૦૦ મેગાવોટ વીજ ઉત્પાદનનો લક્ષ્યાંક**

## પ્રથમ વર્ષે ૨ લાખ કુટુંબોને વીજક્ષેત્રે મોટી રાહત

**રહેણાંક શ્રેણીના વીજગ્રાહકો, સૌર ઊર્જા દ્વારા ઘરે જ વીજ ઉત્પાદન કરે અને જરૂર પૂરતી વીજળી વાપરી વધારાની વીજળી વેચી વીજબીલમાં રાહત તેમજ વધારાની આવક મેળવે એ શુભ આશયથી ગુજરાત સરકાર દ્વારા "સૂર્ય ગુજરાત" (સૂર્ય ઊર્જા રૂફટોપ યોજના) તા. ૮ ઓગષ્ટ, ૨૦૧૯થી અમલમાં મુકવામાં આવેલ છે**

- ગ્રાહક કોઈપણ ક્ષમતાની સોલાર સિસ્ટમ બેસાડી શકશે અને તે માટે તેના કરારીત વીજભારની મર્યાદા લાગુ પડશે નહીં
- રાજ્ય સરકાર દ્વારા રહેણાંક હેતુના વીજગ્રાહકોને સોલાર રૂફટોપ માટે પ્રથમ ૩ કિલોવોટની ક્ષમતા સુધી નિયત કરેલી કિંમત પર ૪૦ % તેમજ ત્યાર પછીના ૩ થી વધુ અને ૧૦ કિલોવોટની ક્ષમતા સુધી સોલાર રૂફટોપ પર ૨૦ % સબસીડી મળશે. દા.ત. કોઈ અરજદાર ૧૧ કિલોવોટ સોલર સિસ્ટમની માંગણી કરે તો પ્રથમ ૩ કિલોવોટ પર ૪૦ %પછીના ૭ કિલોવોટ પર ૨૦ % અને તે પછીના ૧ કિલોવોટ પર ૦ % સબસીડી મળવાપાત્ર થશે
- ગ્રૂપ હાઉસીંગ સોસાયટી (GHS) / રેસીડેન્શિયલ વેલ્ફેર એસોસિએશન (RWA)ની મજિયારી સુવિધાઓ જેવી કે સોસાયટીની લાઇટ, સોસાયટીનું વોટર વર્કસ,લીફ્ટ, જીમ, સ્વીમીંગ પુલ, બગીચો વગેરેના વીજ જોડાણો માટે ૫૦૦ કિલોવોટની મહત્તમ મર્યાદામાં (@૧૦ કિલોવોટ પ્રતિ ઘર લેખે), સોલાર સિસ્ટમની કુલ કિંમત પર ૨૦ % સબસીડી મળશે. ૫૦૦ કિલોવોટની મહત્તમ મર્યાદામાં જે તે GHS/RWA ના રહેવાસી દ્વારા સ્થાપિત સોલાર સિસ્ટમની ક્ષમતાઓને પણ સમાવિષ્ટ કરવાની રહેશે
- વીજ ગ્રાહકે જીયુવીએનએલ (GUVNL) દ્વારા માન્ય કરાયેલ એજન્સીઓમાંથી કોઈપણ એકની પસંદગી કરવાની રહેશે. ત્યારબાદ તમામ કાર્યવાહી એજન્સીએ કરવાની રહેશે. માન્ય એજન્સીઓની યાદી દરેક વીજ વિતરણ કંપનીઓની વેબસાઈટ ઉપર તેમજ દરેક વીજકચેરીએ ઉપલબ્ધ છે
- સોલાર સિસ્ટમ સ્થપાયા બાદ તે એજન્સી ૫ વર્ષ સુધી સિસ્ટમનું વિના મૂલ્યે મેન્ટેનન્સ કરશે
- અરજીની નોંધણી વખતે અરજદારે છેલ્લા વીજબીલ, અરજદારનો ફોટો, આધાર નંબર અને અરજદારનો મોબાઈલ ફોન નંબર આપવો જરૂરી છે
- ગ્રાહકે પસંદ કરેલ એજન્સી, જે તે વીજગ્રાહક વતી સોલાર રૂફટોપના પોર્ટલ પર ઓનલાઈન અરજીની નોંધણી કરાવશે. એ માટેની નિયત કરેલ ડિપોઝીટની રકમ એજન્સી દ્વારા ભરપાઈ કરવામાં આવશે, જે રકમ અંદાજપત્રની સામે સરભર કરવામાં આવશે. અંદાજપત્રમાં સોલાર સિસ્ટમનો કનેક્ટીવીટી ચાર્જ, સોલાર જનરેશન મીટર ચાર્જ, મીટર ટેસ્ટીંગ ચાર્જ અને મીટરબોક્ષના ચાર્જનો સમાવેશ થાય છે. વીજગ્રાહકે આ ડીપોઝીટ કે અંદાજપત્ર એમ બે માંથી કોઈપણ રકમનો ચાર્જ અલગથી ચૂકવવાનો રહેશે નહીં. ગ્રાહકે ટેન્ડરથી નક્કી થયા મુજબ નીચે દર્શાવેલ કોષ્ટક મુજબ રકમ ચૂકવવાની રહેશે. તે સિવાય ગ્રાહકે અન્ય કોઈ રકમ ચૂકવવાની નથી
- પરંતુ જો ચાલુ વીજ વિતરણ માળખામાં ફેરફાર કરવાની ટેકનીકલ જરૂરીયાત જણાય તો તેનો ખર્ચ વીજગ્રાહકે ભરવાનો રહેશે, તે માટે વીજ વિતરણ કચેરી દ્વારા અલગથી અંદાજપત્ર આપવામાં આવશે
- પરંતુ જો ગ્રાહક મોડ્યૂઅલ માઉટીંગ સ્ટ્રક્ચરની રૂફ લેવલથી નિયત કરેલ ઊંચાઈમાં વધારો કરાવવા માગે તો ગ્રાહક તથા એજન્સી વચ્ચે પરસ્પર સમજુતી કરી, તે માટેનો વધારાનો ખર્ચ પરસ્પર નક્કી કરી ગ્રાહકે જે તે એજન્સીને અલગથી ચુકવવાનો રહેશે

## માન્ય એજન્સીઓની યાદી દરેક વીજ વિતરણ કંપનીઓની વેબસાઈટ ઉપર તેમજ દરેક વીજ કચેરીએ ઉપલબ્ધ છે

| સોલાર રૂફટોપ સિસ્ટમની ક્ષમતા કિલોવોટમાં | ૧.૦૦ થી ૧.૫૦ | ૧.૫૧ થી ૨.૫૦ | ૨.૫૧ થી ૩.૫૦ | ૩.૫૧ થી ૪.૫૦ | ૪.૫૧ થી ૫.૫૦ | ૫.૫૧ થી ૬.૦૦ | ૬.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૧ થી ૨૫.૦૦ | ૨૫.૦૧ થી ૫૦.૦૦ | ૫૦.૦૧ થી ૧૦૦ | ૧૦૦ થી વધુ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ટેન્ડર પ્રક્રિયા દ્વારા નિયત કરેલ મહત્તમ દર (તમામ કર સાથે ) રૂા. પ્રતિ કિલોવોટ | ૪૬,૮૨૭/- | ૪૬,૫૫૫/- | ૪૬,૩૩૭/- | ૪૫,૭૩૮/- | ૪૫,૦૩૦/- | ૪૪,૦૦૬/- | ૪૩,૦૦૫/- | ૩૮,૦૦૬/- | ૩૭,૫૦૫/- | ૩૬,૦૦૨/- | ૩૩,૯૯૯/- |

| સોલાર રૂફટોપ સિસ્ટમની ક્ષમતા કિલોવોટમાં (KW - ડીસી) | ૧.૦૦ | ૨.૦૦ | ૩.૦૦ | ૪.૦૦ | ૫.૦૦ | ૬.૦૦ | ૧૦.૦૦ | ૨૫.૦૦ | ૫૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૫૦.૦૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સોલાર રૂફટોપ સિસ્ટમની નિયત કરેલ મહત્તમ કુલ કિંમત (તમામ કર સાથે) રૂા. પ્રતિ કિલોવોટ | ૪૬,૮૨૭ | ૯૩,૧૧૦ | ૧,૩૯,૦૧૧ | ૧,૮૨,૯૫૨ | ૨,૨૫,૧૫૦ | ૨,૬૪,૦૩૬ | ૪,૩૦,૦૫૦ | ૯,૫૦,૧૫૦ | ૧૮,૭૫,૨૫૦ | ૩૬,૦૦,૨૦૦ | ૫૦,૯૯,૮૫૦ |
| રાજ્ય/કેન્દ્ર સરકારની સહાય (સોલાર સિસ્ટમની કુલ કિંમતના ૪૦ %, ૩ કિલોવોટ સુધી)રૂા. | ૧૮,૭૩૧ | ૩૭,૨૪૪ | ૫૫,૬૦૪ | ૫૪,૮૮૬ | ૫૪,૦૩૬ | ૫૨,૮૦૭ | ૫૧,૬૦૬ | ૪૫,૬૦૭ | ૪૫,૦૦૬ | ૪૩,૨૦૨ | ૪૦,૭૯૯ |
| રાજ્ય/કેન્દ્ર સરકારની સહાય (સોલાર સિસ્ટમની કુલ કિંમતના ૨૦ %, ૩ કિલોવોટથી વધુ અને ૧૦ કિલોવોટ સુધી)રૂા. | ૦ | ૦ | ૦ | ૯,૧૪૮ | ૧૮,૦૧૨ | ૨૬,૪૦૪ | ૬૦,૨૦૭ | ૫૩,૨૦૮ | ૫૨,૫૦૭ | ૫૦,૪૦૩ | ૪૭,૫૯૯ |
| રાજ્ય-કેન્દ્ર સરકારની કુલ સહાય રૂા. | ૧૮,૭૩૧ | ૩૭,૨૪૪ | ૫૫,૬૦૪ | ૬૪,૦૩૩ | ૭૨,૦૪૮ | ૭૯,૨૧૧ | ૧,૧૧,૮૧૩ | ૯૮,૮૧૬ | ૯૭,૫૧૩ | ૯૩,૬૦૫ | ૮૮,૩૯૭ |
| લાભાર્થીઓએ ચુકવવાની રકમ રૂા. | ૨૮,૦૯૬ | ૫૫,૮૬૬ | ૮૩,૪૦૭ | ૧,૧૮,૯૧૯ | ૧,૫૩,૧૦૨ | ૧,૮૪,૮૨૫ | ૩,૧૮,૨૩૭ | ૮,૫૧,૩૩૪ | ૧૭,૭૭,૭૩૭ | ૩૫,૦૬,૫૯૫ | ૫૦,૧૧,૪૫૩ |

GUVNL

સૂર્ય ઊર્જા રૂફટોપ યોજના
સૂર્ય ગુજરાત

ગૃપ હાઉસીંગ સોસાયટી (GHS) / રેસીડેન્શિયલ વેલ્ફેર એસોસિએશન (RWA) માટે ઉપરોક્ત કોષ્ટક લાગુ નહીં પડે.

વધુ જાણકારી માટે નીચે જણાવેલ વેબસાઈટ અને ટોલ ફ્રી નંબર પર સંપર્ક કરો.

| | | |
|---|---|---|
| ડીજીવીસીએલ - ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩<br>www.dgvcl.com ૧૯૧૨૩ | એમજીવીસીએલ - ૧૮૦૦ ૨૩૩ ૨૬૭૦<br>www.mgvcl.com ૧૯૧૨૪ | પીજીવીસીએલ - ૧૮૦૦ ૨૩૩ ૧૫૫૩૩૩<br>www.pgvcl.com ૧૯૧૨૨ |
| અમદાવાદ તેમજ સુરત શહેર માટે<br>htpps://connect.torrentpower.com | ટોરેન્ટ પાવર લિમિટેડ - ૧૮૦૦ ૨૩૩ ૯૧૨૯<br>અમદાવાદ-૧૯૧૨૯ સુરત-૧૯૧૨૮ | યુજીવીસીએલ - ૧૮૦૦ ૨૩૩ ૧૫૫૩૩૫<br>www.ugvcl.com ૧૯૧૨૧ |

નોડલ એજન્સી - ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, ગુજરાત સરકાર

**વહેલા તે પહેલાના ધોરણે માર્ચ ૨૦૨૦ સુધીમાં ૨ લાખ કુટુંબોને લાભ મળશે**

**સોલાર રૂફટોપ યોજનાનો લાભ લઈ, પર્યાવરણનું જતન કરીએ... શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત**